| | | | |
|---|---|---|---|
| **તારીખ** | ૦૪ | ૦૭ | ૨૦૨૫ |
| **રજી.તારીખ** | ૦૪ | ૦૭ | ૨૦૨૫ |
| **ફે. તારીખ** | ૩૦ | ૦૪ | ૨૦૨૬ |

---

**જામજોધપુરના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં મુકામ જામજોધપુર**

---

**ફોજદારી કેસ નં. ૭૪૨/૨૦૨૫**

**આંક–૩૩**

**ફરીયાદી –** શ્રી સરકાર

જામજોધપુર પો.સ્ટે. ગુ.રજી.નં.૦૯૭૯/૨૦૨૩

**વી.**

**આરોપી –** (૧) **વિજયભાઇ જમનાદાસભાઇ પાડલીયા**
ઉ.વ.૫૦, ધંધો–વેપાર,
રહે. તીરૂપતી સોસાયટી, જામજોધપુર, જી.જામનગર.

(૨) **કમલેશભાઇ રમેશભાઇ વાવેચા**
ઉ.વ.૩૨, ધંધો–મજુરી,
રહે.બાલવા ગામ, તા.જામજોધપુર, જી.જામનગર.

(૩) **મહીપાલસિંહ જેઠુભા જાડેજા**
ઉ.વ.૩૫, ધંધો–ખેતી,
રહે. ચુર ગામ, બસ સ્ટેન્ડ પાસે,
તા.જામજોધપુર, જી.જામનગર.

---

**ગુન્હો – ગુજ. પ્રોહી. એકટ કલમ– ૬૫ (એ)(એ), ૧૧૬(બી), ૮૧**

---

| | |
|---|---|
| **ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી** | એસ.યુ.બાબી |
| **આરોપી તરફે વિ. વ.શ્રી.** | એન.એચ.લાલાણી |

## – :: ઠરાવ :: –

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૨૮–૧૨–૨૦૨૩ ના રોજ કલાક ૨૧:૧૫ વાગ્યે જામજોધપુર માર્કેટીંગ યાર્ડમાં આવેલ સરકારી ગોડાઉન પાસે આ કામના આરોપીઓએ ગે.કા. પાસ પરમીટ વગર પોતાના કબ્જામાં ભારતીય બનાવટની અંગ્રેજી પીવાનો દારૂની રોયલ ચેલેંજર પ્રીમીયમ સીલેકટ વ્હીસ્કી ફોર સેલ યુ.ટી. ચંદીગઢ ઓન્લી ૪૨.૮ વી.વી.૭૫% લખેલ બોટલ નંગ–૩ પોતાના કબ્જામાં ગે.કા. પાસ પરમીટ વગર રાખેલ હોય જેથી ઇંગ્લીશ બોટલ નંગ–૩ જેની કિ.રૂ.૧૫૦૦/– ગણી રેઇડ દરમ્યાન પકડાઇ જઇ એકબીજાની મદદગારી કરી ગુન્હો કરેલ આ બાબતે ફરિયાદીએ આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ), ૧૧૬બી, ૮૧ મુજબની ફરિયાદ આપતા તેની તપાસના અંતે આરોપી વિરુધ્ધ હાલનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આરોપીઓ કોર્ટમાં હાજર થતા તેને સી.આર.પી.સી.ની કલમ –૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની તમામ નકલો વિના મુલ્યે આપેલ. આ કામે આંક–૦૮ થી તહોમતનામુ ફરમાવી, આંક–૦૯ થી આંક–૧૧ સુધી ગુના અંગેની પ્લી લેતાં, તેઓને ગુનો કબુલ ન હોય હાલનો કેસ આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબના પુરાવાઓ આપેલ છે.

### મૌખિક પુરાવો

| ક્રમ | સાહેદનુ નામ | | આંક |
|---|---|---|---|
| ૧ | પંચ સાહેદ | રવીભાઇ કાનાભાઇ કટારા | ૧૪ |
| ૨ | ફરીયાદી | અશોકભાઇ બાબુભાઇ ગાગીયા | ૨૪ |
| ૩ | ત.ક.અ. | સુરેશભાઇ રામજીભાઇ પરમાર | ૨૬ |

### દસ્તાવેજી પુરાવો

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચનામુ | ૧૫ |
| ૨ | ફરીયાદ | ૨૫ |

(૪) ત્યાર બાદ ઉપરોકત પુરાવા રજુ થયા બાદ સરકાર પક્ષે એ.પી.પી શ્રી દવારા વધુ લેખીત કે મૌખિક પુરાવો આપવો નથી તેવુ મૌખિક જાહેર કરતા ઉપરોકત પુરાવાના અંતે આ કામના આરોપીઓ વિરુધ્ધ રેકર્ડ પર આવેલા પુરાવા સંદર્ભે તેને પોતાના બચાવની વ્યાજબી અને પુરતી તક મળી રહે તે હેતુથી સી.આર.પી.સી.ની કલમ ૩૧૩ અન્વયે આરોપીઓના અગાઉ લેવાયેલા નિવેદન તળે વિશેષ નિવેદન લેતા તેમણે જણાવેલ છે કે, તેમના ઉપર ખોટો કેસ કરેલ છે તેમજ તેઓને બચાવના સાહેદો તપાસવા નથી કે સોગંદ પર પુરાવો આપવો નથી, તેમ જણાવી પોતે નિર્દોષ હોવાનુ જણાવે છે તે સીવાય પોતાના બચાવમાં લેખિત કે મૌખિક પુરાવો રજુ રાખેલ નથી. ત્યારબાદ બન્ને પક્ષોની દલીલો સાંભળવામાં આવેલ તેમજ રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લીધો.

(૫) આમ, હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: મુદા ::**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૮-૧૨-૨૦૨૩ ના રોજ કલાક ૨૧:૧૫ વાગ્યે જામજોધપુર માર્કેટીંગ યાર્ડમાં આવેલ સરકારી ગોડાઉન પાસે આ કામના આરોપીઓએ ગે.કા. પાસ પરમીટ વગર પોતાના કબ્જામાં ભારતીય બનાવટની અંગ્રેજી પીવાનો દારૂની રોયલ ચેલેંજર પ્રીમીયમ સીલેકટ વ્હીસ્કી ફોર સેલ યુ.ટી. ચંદીગઢ ઓન્લી ૪૨.૮ વી.વી.૭૫% લખેલ બોટલ નંગ-૩ પોતાના કબ્જામાં ગે.કા. પાસ પરમીટ વગર રાખેલ હોય જેથી ઇંગ્લીશ બોટલ નંગ-૩ જેની કિ.રૂ.૧૫૦૦/- ગણી રેઇડ દરમ્યાન પકડાઇ જઇ એકબીજાની મદદગારી કરી ગુન્હો કરેલ આ બાબતે ફરિયાદીએ આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)

(એ), ૧૧૬બી, ૮૧ નો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**:: નિર્ણયો ::**

(૧) મુદ્દા નંબર : ૧ : નકારમાં

(૨) મુદ્દા નંબર : ૨ : આખરી હુકમ મુજબ.

**:: કારણો ::**

(૭) ઉપરોકત નિર્ણય પર આવવા માટેના મારા કારણો નીચે મુજબ છે.

**મુદા નં.૧ :–**

**૭.૧–** આ ફરીયાદ મુદ્દામાલ રીકવર કર્યા અંગેના પંચનામાનાં પંચ સાહેદને તપાસવામા આવેલ છે. આ પંચ સાહેદએ જણાવેલ છે કે, તેઓ પોલીસ સાથે કોઈ કામગીરી માં ગયેલ નથી, પરંતુ તે સમયાગાળામાં તેઓની પોલીસે તૈયાર લખાણમાં સહી લીધેલી. તે રીતે આ પંચ સાહેદે ફરીયાદ પક્ષનાં કેસની હકીકતને કોઈ સમર્થન આપેલ નથી. એટલે કે, ફરીયાદ પક્ષ તરફથી મુદ્દામાલ રીકવર કરેલ તે બાબતના પંચ સાહેદને તપાસવામાં આવેલા છે અને તેમની જુબાની દરમ્યાન જે પંચનામુ રજુ થયેલ છે તે રજુ થયેલ પંચનામાને પંચસાહેદે સમર્થન આપી તે પંચનામાની હકીકતને પુરવાર કરેલ નથી. આમ, બનાવના ભાગરૂપે પોલીસ તપાસની કાર્યવાહી દરમ્યાન પંચનામુ થયેલ છે અને તે પોલીસ કાર્યવાહીનાં સમર્થનમાં જે પંચનામું રજુ થયેલ છે, તે પંચનામું ફરીયાદ પક્ષે સચોટ પુરાવાથી પુરવાર કરવું જોઈએ. તે આ કામે પંચનામુ પુરવાર થયેલ નથી. જે આગળ ઉપર કરેલ ચર્ચા ધ્યાને લેતાં સ્પષ્ટ બની રહેલ છે.

**૭.૨** ફરીયાદપક્ષે ફરીયાદીએ તેઓની આંક–૨૪ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા.૨૮/૧૨/૨૦૨૩ ના રોજ અમો તથા

સ્ટાફના પો.કો.સરમણભાઈ સીદીભાઈ ગરચર એ રીતેના પોલિસ સ્ટાફના માણસો પો.હેડ કો.એસ.આર.પરમાર સાથે ક.૧૯:૧૫ થી ટાઉનબીટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ફરતા ફરતા ક.૨૧:૦૦ વાગ્યે બાલવા ફાટક જામજોધપુર પાસે પહોંચતા ખાનગી રાહે હકીકત મળેલ કે જામજોધપુર માર્કેટીંગ યાર્ડના સરકારી ગોડાઉન પાસે એક ઇસમ ઇંગલીશ દારૂનો જથ્થો લઈને ઉભેલ છે તેવી હકીકત મળતા તુરત જ બે રાહદારી પંચોને બોલાવી હકીકતની સમજ કરી પંચો સાથે ક.૨૧:૧૫ વાગ્યે હકીકતવાળી જગ્યાએ રેડ કરતા સદર હકીકતવાળી જગ્યાએ એક ઇસમ શંકાસ્પદ હાલતમાં ઉભેલ હોય જેનું પંચો રૂબરૂ નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ વિજયભાઈ જમનભાઈ પાડલીયા રે.જામજોધપુર વાળા હોવાનું જણાવેલ. મજકુર ઇસમની પંચો રૂબરૂ અંગઝડતી કરતા મજકુર ઇસમ પાસે રહેલ થેલી જોતા તેમાં ભારતીય બનાવટની અંગ્રેજી દારૂની બોટલ નંગ–૩ જોવામાં આવેલ જે બોટલ ચેલેન્જ વ્હીસ્કી ફોર સેલ યુટી ચંદીગઢ ઓનલી ની જોવામાં આવેલ જે બોટલ નંગ–૩ કિમત રૂ. ૧૫૦૦/– ગણી તેમાંથી એક બોટલ સેમ્પલ બોટલ તરીકે રાખી તેમજ એક પો.સ્ટે.રીઝર્વ તરીકે રાખી પંચનામાની વિગતે તપાસ અર્થે હેડ કો.એસ.આર.પરમારનાઓએ કબ્જે કરેલ અને વિગતવારનું પંચો રૂબરૂ નું પંચનામું કરેલ. મજકુર ઇસમને સદર દારૂનો જથ્થો કોની પાસેથી લાવેલ તે અંગે પુછપરછ કરતા બાલવા ગામના કમલેશ કોળી પાસેથી લાવેલાનું જણાવેલ. મજકુર ઇસમ સામે પ્રોહી એકટ કલમ ૬૫ એએ,૧૧૬બી,૮૧ મુજબના ગુના અંગેની ફરિયાદ અમોએ હેડ કો.એસ.આર.પરમાર રૂબરૂની આપેલ. જે ફરીયાદ તેઓને બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. જે ફરીયાદ આંક–૨૫ થી રજુ છે.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે પ્રથમ પંચનામું કરેલ ત્યારબાદ ફરીયાદ કરેલ. એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપી પકડાયેલ તે જાહેર વિસ્તાર છે. એ વાત ખરી છે કે માણસોની તથા વાહનોની સતત અવરજવર રહે છે. એ વાત ખરી છે કે પેટ્રોલીંગ માં જે વાહનમાં ગયેલા તેના નંબર ફરિયાદમાં જણાવેલ નથી. એ

વાત ખરી નથી કે પંચો રૂબરૂ મુદામાલ કબ્જે કરેલ નથી. એ વાત ખરી છે કે રેડવારી જગ્યાની માલિકી અંગેના કોઇ આધારો ફરીયાદ સાથે સામેલ રાખેલ નથી. એ વાત ખરી નથી કે  આરોપી પાસેથી પંચો રૂબરૂ મુદામાલ મળી આવેલ ન હોય કામગીરી બતાવવા ખોટી ફરીયાદ કરેલ.

**૭.૩–** ફરીયાદપક્ષે ત.ક.અ. એ તેઓની આંક–૨૬ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગઇ તા.૨૮/૧૨/૨૦૨૩ ના રોજ અમો તથા સ્ટાફના પો.કો.સરમણભાઇ સીદીભાઇ ગરચર તથા પો.કો. અશોકભાઇ બાબુભાઇ ગાગીયા એ રીતેના પોલિસ સ્ટાફના માણસો સાથે ક.૧૯:૧૫ થી ટાઉનબીટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ફરતા ફરતા ક.૨૧:૦૦ વાગ્યે બાલવા ફાટક જામજોધપુર પાસે પહોંચતા ખાનગી રાહે હકીકત મળેલ કે જામજોધપુર માર્કેટીંગ યાર્ડના સરકારી ગોડાઉન પાસે એક ઇસમ ઇંગલીશ દારૂનો જથ્થો લઇને ઉભેલ છે તેવી હકીકત મળતા તુરત જ બે રાહદારી પંચોને બોલાવી હકીકતની સમજ કરી પંચો સાથે ક.૨૧:૧૫ વાગ્યે હકીકતવાળી જગ્યાએ રેડ કરતા સદર હકીકતવાળી જગ્યાએ એક ઇસમ શંકાસ્પદ હાલતમાં ઉભેલ હોય જેનું પંચો રૂબરૂ નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ વિજયભાઇ જમનભાઇ પાડલીયા રે.જામજોધપુર વાળા હોવાનું જણાવેલ. મજકુર  ઇસમની પંચો રૂબરૂ અંગઝડતી કરતા મજકુર ઇસમ પાસે રહેલ થેલી જોતા તેમાં ભારતીય બનાવટની અંગ્રેજી દારૂની બોટલ નંગ–૩ જોવામાં આવેલ જે બોટલ ચેલેન્જ વ્હીસ્કી ફોર સેલ ચુટી ચંદીગઢ ઓનલી ની જોવામાં આવેલ જે બોટલ નંગ–૩ કિમત રૂ. ૧૫૦૦/– ગણી તેમાંથી  એક બોટલ સેમ્પલ બોટલ તરીકે રાખી તેમજ એક પો.સ્ટે.રીઝર્વ તરીકે રાખી પંચનામાની વિગતે  તપાસ અર્થે અમોએ કબ્જે કરેલ અને વિગતવારનું  પંચો રૂબરૂ નું  પંચનામું કરેલ. મજકુર ઇસમને સદર દારૂનો જથ્થો કોની પાસેથી લાવેલ તે અંગે પુછપરછ કરતા બાલવા ગામના કમલેશ કોળી પાસેથી લાવેલાનું જણાવેલ. મજકુર ઇસમ સામે પ્રોહી એકટ કલમ ૬૫ એએ, ૧૧૬બી, ૮૧ મુજબના ગુના અંગેની ફરિયાદ સાથેના પો.કો.અશોકભાઇ બાબુભાઇ ગાગીયાનાઓએ આપેલ. વધુમાં જણાવેલ છે કે સદર ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ અર્થે અમોને સોંપતા તપાસ સંભાળી લઇ

ગુનાના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ. મુદામાલ પરિક્ષણ અર્થે એફ.એસ.એલ.માં મોકલેલ. આરોપીનં.૨,૩ નાને ગુનાના કામે અટક કરેલ. આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે પ્રથમ પંચનામું કરેલ ત્યારબાદ ફરીયાદ કરેલ. એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપી પકડાયેલ તે જાહેર વિસ્તાર છે.એ વાત ખરી છે કે માણસોની તથા વાહનોની સતત અવરજવર રહે છે. એ વાત ખરી છે કે આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. એ વાત ખરી છે કે પેટ્રોલીંગ માં જે વાહનમાં ગયેલા તેના નંબર ફરિયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે પંચો રૂબરૂ મુદામાલ કબ્જે કરેલ નથી. એ વાત ખરી છે કે આરોપી નં.૨ તથા આરોપી નં.૩ ના પ્રત્યક્ષ અને સભાન કબ્જામાંથી કોઈ મુદામાલ કબ્જે કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે એફ.એસ.એલ.રિપોર્ટ ચાર્જશીટના કામે રજુ રાખેલ નથી.એ વાત ખરી છે કે એફ.એસ.એલ.રીપોર્ટ રજુ ન હોય પકડાયેલ મુદામાલ પ્રતિબંધિત પ્રોહી મુદામાલ જ હતો તે કહી શકાય નહી. એ વાત ખરી છે કે સદર કામે અમો રેડ પાર્ટીમાં સામેલ હતા અને ગુનાની તપાસ પણ અમોએ કરેલ. એ વાત ખરી છે કે રેડવારી જગ્યાની માલિકી અંગેના કોઈ આધારો ફરીયાદ સાથે સામેલ રાખેલ નથી. એ વાત ખરી છે કે આરોપી નં.૨ તથા ૩ ના નામ આરોપી નં. ૧ ની કસ્ટડી દરમ્યાનની કબુલાતના આધારે ખુલવા પામેલ. એ વાત ખરી છે કે આરોપી નં.૨ તથા નં.૩ પાસેથી કોઈ પ્રતિબંધિત પ્રોહી મુદામાલ કબ્જે કરવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી પાસેથી પંચો રૂબરૂ મુદામાલ મળી આવેલ ન હોય ફરીયાદી અમારા સાથી કર્મચારી હોય તેની ફરીયાદ ને સમર્થન આપવા કામગીરી બતાવવા ચાર્જશીટ કરેલ.

**૭.૪–** આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ નથી.

**૭.૫–** આમ, આ કામે રજૂ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોતાં આ કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોએ ફરીયાદપક્ષના

કેસની હકીકતોને અનુરુપ પુરાવો આપેલ છે અને આરોપી નં.૧ ના કબ્જામાંથી પંચનામાની વિગતે પ્રતિબંધિત પ્રોહી મુદામાલ મળિ આવેલ હોવાનું પોતાના પુરાવામાં જણાવે છે. પરંતુ આ કામે એકમાત્ર સ્વતંત્ર કહી શકાય તેવા પંચ સાહેદોનો પડેલ પુરાવો ધ્યાને લેતા તેઓએ માત્ર લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા સહી કરી આપેલ હોવાનું જણાવેલ આંક–૧૫ થી રજુ થયેલ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, પંચોની હાજરીમાં આરોપી નં.૧ ના કબ્જામાંથી પ્રોહી મુદામાલ મળિ આવેલ હોવાની હકીકતને પંચ સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ નથી. જેથી આંક–૧૫ થી રજુ થયેલ પંચનામું પુરવાર થતુ નથી. વિશેષમાં તપાસ કરનાર અધિકારીનો પુરાવો ધ્યાને લેતા પણ પંચનામું પુરવાર થયેલ છે તેમ માની શકાય તેમ નથી. વધુમાં ફરીયાદપક્ષનો પડેલ પુરાવો ધ્યાને લેતા બનાવવાળિ જગ્યા જાહેર વિસ્તાર હોવાનું ફલીત થાય છે અને બનાવવાળિ જગ્યાએથી સ્વતંત્ર સાહેદો મળિ આવે તેમ હોવા છતા આરોપીના કબ્જામાંથી પ્રતિબંધિત પ્રોહી મુદામાલ મળિ આવેલ હતો તે હકીકત પુરવાર કરવા કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન તપાસ દરમીયાન ત.ક.અ. એ નોંધેલ હોય તેવું ફલીત થતુ નથી તેમજ સ્વતંત્ર સાહેદોના નિવેદન ન લેવા પાછળનું કોઇ યોગ્ય કારણ પણ ત.ક.અ.ના પુરાવાથી રેકર્ડ પર આવેલ નથી. વધુમાં આ કામે મુદ્દામાલ સંદર્ભમાં કોઈ એફ.એસ.એલ.નો રીપોર્ટ ચાર્જશીટ સાથે રજૂ થયેલ નથી તેમજ એવો કોઈ રીપોર્ટ રજૂ કરવા માટે ત.ક.અમલદાર દ્વારા કોઈ મુદતની માંગણી કરવામાં આવેલ નથી. આ કામે પકડાયેલ મુદ્દામાલની ચકાસણી અંગે એફ.એસ.એલ. રીપોર્ટ રજૂ કરવામાં આવેલ ન હોઈ પકડાયેલ મુદ્દામાલ પ્રતિબંધિત પ્રોહી મુદામાલ હતો એવા તારણ પર આવી શકાય એમ નથી. આમ, બનાવના સમય અને સ્થળેથી આરોપી નં.૧ ના પ્રત્યક્ષ અને સભાન કબ્જા અને ભોગવટામાંથી પ્રતિબંધીત પ્રોહી મુદામાલ મળિ આવેલ હતો અને તે આ કામનો સહ આરોપીઓએ પુરો પાડેલ હતો અને તેમ કરી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરેલ હતી તેવુ ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરી શકેલ નથી. અત્રે એ નોંધવું જરૂરી છે કે પોલીસ સાહેદોના પુરાવાને આ કોર્ટ નકારતી નથી પરંતુ ઉપર કરેલ ચર્ચા મુજબ પોલીસ

સાહેદોના પુરાવાને જયારે અન્ય સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થયેલ ન હોય, પોલીસ સાહેદો હિત ધરાવતા સાહેદો હોય તેમજ પકડાયેલ જથ્થો પ્રોહી મુદામાલ હતો તે દશાવતો કોઇ પુરાવો આ કામે રજુ થયેલ ન હોય તેવા સંજોગોમાં આરોપી નં.૧ ના પ્રત્યક્ષ અને સભાન કબ્જામાંથી પ્રતિબંધિત પ્રોહી મુદામાલ મળિ આવેલ હતો અને સહ આરોપીએ પ્રોહી ગુનાનો મુદામાલ પુરો પાડેલ હતો તે હકિકત શંકાથી પર પુરવાર થતી ન હોય આમ, આ કામે આરોપી સામે મૂકવામાં આવેલ તહોમત ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી તમામ પુરાવો લક્ષમાં રાખતાં ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય મુદા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદા નં.ર નો અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

(૧) આ કામના આરોપી : **(૧) વિજયભાઇ જમનાદાસભાઇ પાડલીયા** ઉ.વ.૫૦, ધંધો–વેપાર, રહે. તીરૂપતી સોસાયટી, જામજોધપુર, જી.જામનગર. **(ર) કમલેશભાઇ રમેશભાઇ વાવેચા** ઉ.વ.૩ર, ધંધો–મજુરી, રહે.બાલવા ગામ, તા.જામજોધપુર, જી.જામનગર. **(૩) મહીપાલસિંહ જેઠુભા જાડેજા** ઉ.વ.૩૫, ધંધો–ખેતી, રહે. ચુર ગામ, બસ સ્ટેન્ડ પાસે, તા.જામજોધપુર, જી.જામનગર. નાઓને સી.આર.પી.સી. ની કલમ – ૨૪૮(૧) અન્વયે પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ, ૧૧૬ બી અને ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.

(૨) સદર કામમાં કબજે કરેલ પ્રોહી. મુદ્દામાલનો નિયમોનુંસાર નાશ કરવો તથા આ સિવાયના અન્ય કોઈ મુદામાલ અંગે અગાઉ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ કરવા નો હુકમ કરવામાં આવે છે અન્યથા અપીલ સમય વિત્યે જરૂરી ઈન્કવાયરી કરી મુદામાલ મુળ માલિકને પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે આરોપીઓએ સી.આર.પી.સી.ની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમયસુધીના રૂા.૫૦૦૦/– (રૂપિયા પાંચ હજાર પુરા/–)

ના જામીન તથા તેટલી જ રકમનો જાતમચુરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૩૦, માહે એપ્રીલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:– જામજોધપુર
તા.૩૦–૦૪–૨૦૨૬

**(નરેશકુમાર રમેશભાઈ ગોહેલ)**
જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
જામજોધપુર
જજ કોડ : જીજે – ૧૫૮૪

ડી.એચ.ચુડાસમા
ગુજ.સ્ટેનો